


"ખરૂ છે આ દેશમાં. એક તરફ જળબંબાકાર તો બીજી તરફ વરસાદની રાહ..!"

"અરે... સાહેબ, મજાની વાત તો એ છે કે દેશમાં સરેરાશ વરસાદના ૧૯ ટકા તો વરસી ગયો અને હજુ આપણા ગુજરાતમાં આંખ પર હાથનું છાપરૂ કરી વાદળોની હલચલ જોઈએ છીએ."

"સાચુ છે હો. આપણા દેશની ૭૦ ટકા સંપત્તિ ૧ ટકા લોકો પાસે નથી. બાકીના ૯૯ ટકા તો મથામણમાં જ જીવે છે ને..!"

"હા...હા..., કુદરત હોય કે માણસ હોય વિચિત્રતાઓ અને વિસંગતતાઓની પજવણી સતત થતી જ હોય છે..."

"પણ આવી વાતો કરવાની, આવા આશ્વાસનો લેવાના અને અફસોસ વ્યક્ત કરવાનો... જેવી ભગવાનની ઈચ્છા એમ કહી ચલાવ્યે જ રાખવાનું..."

"હા... ભઈ, તમારી પીડા સો ટકા સાચી છે. પણ યુગોથી આ ચાલે છે અને ચાલતુ રહેવાનુ છે. આનુ કોઈ કાંઈ કરી શકે એમ નથી."

"ક્રાંતિ કરવી જોઈએ, ક્રાંતિ... પરિણામ માટે લડી લેવુ જોઈએ."

"રહેવા દો ક્રાંતિની વાતો..., પહેલા ઘરથી શરૂઆત કરો પછી ચોકઠા, પછી સેક્ટર અને પછી શહેર અને પછી ક્રમશઃ આગળ વધીએ."

"... અને સાચુ કહુ ક્રાંતિ જ કરવી હોય તો શરૂ કરો ભ્રષ્ટાચાર સામેનો જંગ. કેટલો ફુલ્યો ફાલ્યો છે. છે કોઈ રોકનાર ?"

"હંમમ.... મુદ્દાની વાત છે. ભ્રષ્ટાચારે જેટલી અસમાનતા ઉભી કરી, ભ્રષ્ટાચારથી જે વિષમતાઓ સર્જાઈ છે, જે સામાજિક શોષણો થાય છે એ આપણુ સામાજિક કલંક છે કલંક... પણ હજુ સમજાતુ નથી ભ્રષ્ટાચાર દેખાતો નથી પણ અનુભવાય છે."

"હંમમ... ભગવાન જેવુ છે એય ક્યાં દેખાય છે છતાં અનુભવાય છે."

"અરે યાર... તમે વાતને ક્યાંથી ક્યાં પહોંચાડી ? હુ ભ્રષ્ટાચારની વાત કરૂ છુ અને તમે ભગવાનની..!"

"તમને ખબર છે આજકાલ ભગવાન કરતાંય ભ્રષ્ટાચારની વાતો બહુ ચર્ચાય છે ને કેટલા મળશે એમાંથી કેટલા ટકા ભગવાન માટે વાપરશુ એવી બાધા રખાય છે. હવે તો ખોટુ કરવામાંય ભગવાનને જોડાય છે."

"હા...હા...હા... આજ આપણી નબળાઈ છે ને. સારૂ થાય કે ખોટુ થાય, યશ ક્યાંક ધરી દેવો. આપણે ત્યાં કહેવાય છે ને કે ધારણા મુજબ થાય તો હરિકૃપા, ન થાય તો હરિ ઈચ્છા..!"

"વાહ... સારૂ શોધી લાવ્યા. વોટ્સએપ પરથી જડ્યુ હશે."

"હમમ... આજકાલ તો વોટ્સએપ અને ફેસબુક જ આપણા ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડ છે ને..!"

"...તો લગે રહો, પણ તમને ખબર છે આ ટેકનોલોજી માનસિક રોગોને નોતરે છે, યાદશક્તિ ઘટાડે છે, વિચારશક્તિ શુન્ય કરે છે વગેરે...વગેરે... વગેરે..."

"આ નહી કોઈ પણ ટેકનોલોજીનો વિવેકપૂર્ણ ઉપયોગ થાય તો જ ગતિ-પ્રગતિના દ્વાર ખુલે છે. બાકી તો નુકશાને નુકશાન જ છે."

"પણ... સાહેબ, આજકાલ કોઈ પણ રીતે ટેકનોલોજીનો વધતો પ્રભાવ અટકાવવો જ પડશે નહીં તો વિકાસની ગાડી અવળા પાટે ચઢી જશે."

"તમે ઉઠાવ્યો છે ગંભીર મુદો, આપણે ફરીથી ચર્ચા કરીશુ આજે તો માત્ર બધાને ઈદ મુબારક પાઠવી દઈએ..."

"હા... સાહેબ, સૌને ઈદ મુબારક..."

# શહેરમાં મોસમનો પહેલા વરસાદ



ગાંધીનગર, તા.૧૫

આકરી ગરમી અને અસહ્ય બફારા બાદ રાત્રે વરસાદનું પ્રથમ ઝાપટુ પડતા હર્ષની લાગણી પ્રસરી ગઈ હતી. છેલ્લા બે સપ્તાહથી આગાહી અને વર્તારાઓની વચ્ચે નગરજનો મેઘરાજાની રાહ જોતા હતા. ખાસ કરીને છેલ્લા સપ્તાહથી ભારે ઉકળાટના વાતાવરણમાં સૌ કોઈ ત્રસ્ત હતા. ત્યારે શુક્રવારની રાત્રે ભારે ઝાપટું વરસતા વાતાવરણાં નજીવી ઠંડક વર્તાતી હતી.

જોકે હવામાનના જાણકારો એમ કહે છે કે, આ ઝાપટુ પ્રિમોન્સુન એક્ટિવિટીના ભાગરૂપે હતું. જેથી હજુ ઉકળાટ એકાદ અઠવાડિયુ વધુ ને વધુ અનુભવાશે. મોડી સાંજે એકાએક તોફાની પવન સાથે વરસેલા ઝાપટાથી ઈવનીંગ વૉક માટે નીકળેલા સિનિયર સીટીઝન્સ તથા લટાર મારવા નિકળેલા નાગરિકોમાં દોડાદોડ થઈ હતી. જોકે વરસાદ પડ્યાનો આનંદ સૌના ચહેરા પર દેખાતો હતો.

વરસાદના પહેલા ઝાપટાની સાથે સોશિયલ મિડિયા પર પણ શબ્દોના ઝાપટા ધોધમાર પડ્યા હતા. કોઈકે કવિતાઓ તો કોઈકે પોતપોતાની ઉર્મિઓથી વરસાદને વધાવ્યો હતો.

આકરી ગરમી બાદ પ્રથમ વરસાદને વધાવવા નગરજનો અને બાળકો મોટી સંખ્યામાં ઘરની બહાર નિકળી પડ્યા હતા. પ્રથમ વરસાદમાં ન્હાવાનો પણ એક અનોખો રોમાંચ હોય છે. જે માટે ઉલ્લાસની ચિચિયારીઓ સાથે ઘરના આંગણામાં સૌ કોઈ નાચ-કુદ સાથે વરસાદના વધામણા કર્યા હતા.

હજુ આવનારા દિવસોમાં ચોમાસુ સક્રિય બનતા વરસાદની જમાવટ થશે એમ હવામાન શાસ્ત્રીઓ માને છે. પરંતુ અત્યારે મેઘરાજાની અવિધિસરની પધરામણીને સૌ ઉત્સાહપૂર્વક વધારી હતી.

# તાલુકા પંચાયતમાં કોંગ્રેસે કારોબારી અને સમાજકલ્યાણ સમિતિ પર કબ્જો કર્યો

**કોંગ્રેસની દરખાસ્તો ૧૯ વિરૂદ્ધ ૧૭ મતે સ્વીકારાઈ : કારોબારીમાં બળવાખોરોને સ્થાન કોંગ્રેસે આપ્યુ નહિ**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર તાલુકા પંચાયતમાં કારોબારી સમિતિ અને સમાજકલ્યાણ સમિતિમાં કોંગ્રેસે આજે કબ્જો જમાવી દીધો છે. કોંગ્રેસની દરખાસ્તો ૧૯ વિરૂદ્ધ ૧૭ મતે સ્વીકારવામાં આવી હતી.

શોભનાબેન વાઘેલાના અધ્યક્ષપદે મળેલ તા.પં.ની સામાન્ય સભામાં આજે સમિતિઓની રચનાનો મુદ્દો એજન્ડામાં હતો. કોંગ્રેસના ૧૯ સભ્યોએ પક્ષના મેન્ડેટ મુજબ સમિતિની રચનામાં તરફેણમાં મતદાન કર્યુ હતુ.

કોંગ્રેસ પક્ષે કારોબારી સમિતિમાં એક પણ બળવાખોર સભ્યને સ્થાન આપ્યુ નથી. બિનશરતી પ્રવેશ એ જ સમાધાનની મુખ્ય ફોર્મ્યુલા રહી હોવાનું સ્પષ્ટ થયુ હતુ. કોંગ્રેસના કાર્યકરોએ બન્ને સમિતિ પર કબ્જો કરતાં સભાખંડની બહાર એકત્ર થયેલા સભ્યોએ ગુલાલ ઉડાડી કોંગ્રેસ ઝિંદાબાદના નારા લગાવ્યા હતા.

કોંગ્રેસ પક્ષ તરફથી કારોબારી સમિતિમાં કુબેરસિંહ ગોલ, લાલજીભાઈ ચૌધરી, આશાબેન પટેલ, તારાબેન ડાભી, ગીતાબેન રબારી, ગોપાળજી ઠાકોર, જ્યોતિકાબેન બિહોલા, કંચનબેન સોલંકી અને રસિકજી ઠાકોરનો સમાવેશ કરતી દરખાસ્ત રજુ કરાઈ હતી જેને ૧૯ સભ્યોએ સમર્થન આપ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

## નિરીક્ષક નિરંજન પટેલે કોંગી સભ્યોને એકતાનો એકડો બરાબર ઘુંટાવ્યો

**કોંગ્રેસ દ્વારા ૧૮મીએ સભ્યોના દાવા અને મન જાણવાની કવાયત હાથ ધરાશે**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લા-તાલુકા પંચાયતોના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીમાં પક્ષની એકતા અને વફાદારી દાખવી સૌને મતદાન કરવા માટેની સમજ સાથે આજે કોંગ્રેસ પક્ષની કારોબારી સમિતિની બેઠક સંપન્ન થઈ હતી.

પ્રભારી ધારાસભ્ય નિરંજનભાઈ પટેલની ઉપસ્થિતિમાં આજે મળેલી કોંગ્રેસની ચૂંટાયેલા સભ્યો સાથેની કારોબારી બેઠકમાં સભ્યોને અસમાન ગ્રાન્ટની વહેંચણી, વિધાનસભાની ચૂંટણીમાં પક્ષ વિરોધી

● અનુસંધાન પાન-૭ પર

## તાલુકા પંચાયતમાં રાજકીય ટકરાવના ગંભીર સંકેતો સામાન્ય સભામાં દેખાયા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર તાલુકા પંચાયતમાં હવે આગામી દિવસોમાં ભાજપ માટે કપરા ચડાણ સાબિત થશે તેના સંકેતો આજે મળેલ સામાન્ય સભામાં જ મળતાં રાજકીય વર્તુળોમાં નવી ચર્ચાઓનો આરંભ થયો છે.

શોભનાબેન વાઘેલાના અધ્યક્ષપદે મળેલ આજની સામાન્ય સભામાં અધ્યક્ષસ્થાનેથી પ્રસ્તાવો પરની ચર્ચા ચાલતી હતી ત્યારે જ કોંગ્રેસના એક સભ્યએ ઉભા થઈ પ્રમુખના તમામ કાર્યો અને સત્તાઓ સામાન્ય સભા હસ્તક લેવામાં આવે તે જરૂરી છે. આ વખતે કોંગ્રેસના જ સિનીયર સભ્યો કુબેરજી ગોલ અને મહોબ્બતસિંહ ઠાકોરે જણાવ્યુ કે તે આજે નહિ પણ હવે પછીની બેઠકમાં પ્રસ્તાવ લાવીશુ.

આ પછી તાલુકા પંચાયતના પ્રમુખ માટે ગાડીનો મુદ્દો પણ ચર્ચામાં

● અનુસંધાન પાન-૭ પર

## આકરા બફારા વચ્ચે નગરજનો ગરમીથી ત્રસ્ત

**બદલાતા મોસમના મિજાજ વચ્ચે વરસાદની આશ : દિવસ દરમિયાન અસહ્ય બફારો રાત્રે પવન ફુંકાતા ગરમીમાં રાહત**

ગાંધીનગર તા ૧૫

ઉનાળાની આકરી ગરમીના અંતે નગરજનો હાલ વરસાદની વાટે છે. પરંતુ વરસાદ ખેંચાતા નગરજનો આકરી ગરમી અને બફારાથી બેચેન છે. આવા સંજોગોમાં બદલાતા મોસમના મિજાજ વચ્ચે પવનનુ જોર વધ્યુ છે. આકાશમાં મંડરાતા હળવા વરસાદી વાદળો ક્યારેક વરસાદની આશ જગાવી જાય છે. પરંતુ વરસાદી આશ વચ્ચે સતત વધતા બફારાના લીધે નગરજનો બેચેની અનુભવી રહયા છે.મહત્તમ તાપમાનમાં આજે એક ડી ગ્રીનો ઘટાડો થયો હતો પરંતુ વાતાવરણમા વધતા ભેજના પ્રમાણના લીધે નગરજનો બફારાથી દિવસ દરમિયાન પરસેવે ભીંજાયા હતા.

ઉનાળાની આકરી ગરમીથી જનજીવન તોબા પોકારી ગયુ છે. ગરમીનો પારો ૪૫ ડી ગ્રી સુધી પહોંચી જતા નગરજનોએ ચામડીના દાહ આપતી આકરી ગરમી વેઠવાનો વારો આવ્યો હતો. જયારે સતત ગરમીના અંતે હવે નગરજનો વરસાદની વાટે છે. ત્યારે હવામાન વિભાગના જણાંવ્યા મુજબ હજુ પણ વરસાદ ચાર પાંચ દિવસના અંતે ડોકીયુ કરે તેવી સંભાવના છે. બીજીતરફ મહત્તમ તાપમાન ઘટવાની સાથે ગરમીનો પ્રકોપ હજુ પણ વાતાવરણમાં વર્તાઈ રહયો છે. વાતાવરણમાં વધતા ભેજના પ્રમાણ વચ્ચે નગરજનો દિવસ દરમિયાન અસહ્ય બફારો અનુભવતા બેચેન બની ગયા છે. ક્યારેક વાતવારમ પલ્ટા વચ્ચે આકાશમાં વરસાદી વાદળોના ઘેરાવા વચ્ચે પવન ફુંકાય છે. જયારે પલવારમાં જ વાતાવરણ પલ્ટાના લીધે વરસાદી વાદળો પણ અદ્રશ્ય થઈ જાય છે. મહત્તમ તાપમાન આજે ૩૮.૬ ડી ગ્રી રહયુ હતુ ગઈકાલ કરતા આજે એક ડી ગ્રી ગરમીનો પારો ગગડયો હતો. પરંતુ નગરજનો વાતાવરણમાં ગરમીનુ પ્રભુત્તવ હજુ અનુભવી રહયા છે. આકરી ગરમીમાં રાહત અનુભવી રહયા છે.પરંતુ બફારાના લીધે પરસેવે ભીંજાતુ જનજીવન હવે માત્ર વરસાદની આશમાં છે. હવામાન વિભાગના જણાંવ્યા મુજબ હજુ વરસાદ ચાર પાંચ દિવસમાં આવે તેવી સંભાવના છે. જો કે રાત્રિના સમયે પવનની ગતિ વધતા નગરજનો ગરમીમાં રાહત અનુભવે છે. નગરજનો વિચિત્ર મોસમનો અનુભવ કરી રહયા છે.

# મુખ્ય માર્ગો પર વન આરક્ષિત જગ્યાની સફાઈ

**વરસાદમાં નવા રોપાઓની વાવણી કરાશે : વરસાદી દિવસોના અંતે વન આરક્ષિત જગ્યાની રોનક નિખરશે**

ગાંધીનગર તા ૨૫

શહેરના વન આરક્ષિત જગ્યામાં વનતંત્ર દ્વારા સફાઈ હાથ ધરવામાં આવી છે. આગામી વરસાદી દિવસોની શરૂઆતના અંતે આ ઠેકાણે નવા રોપાઓની વાવણી પણ કરવામાં આવશે. શહેરના મુખ્ય ઘ અને ચ માર્ગ આસપાસ સ્થિત વનઆરક્ષિત જગ્યામાં સફાઈ કરી રંગબેરંગી ફુલો નિખરે તે મુજબ રોપાઓની વાવણી કરવામાં આવશે. આ ઉપરાંત શહેરમાં ચોમાસા દરમિયાન ૨૦ હજાર ૮૦૦ રોપાઓની વાવણી કરવામાં આવશે.

શહેરમાં ચોમાસા દરમિયાન નવા રોપાઓની વાવણી કરવા માટે ખાડાઓ ખોદવામાં આવ્યા છે. જયારે વન આરક્ષિત જગ્યાની સફાઈ પણ કરવામાં આવી રહી છે. નગરના મુખ્ય ઘ અને ચ માર્ગ આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં વન તંત્ર દ્વારા હાલ સફાઈ કરવામાં આવી રહી છે. આ માટે ૫૦ જેટલા મજુરોની ટીમ કામે લગાડવામાં આવી છે. આગામી દિવસોમાં સફાઈના અંતે વરસાદ શરૂ થતા જ આ ઠેકાણે રોપાઓની વાવણી શરૂ કરી દેવામાં આવશે. નગરમાં પ્રતિવર્ષ ચોમાસા દરમિયાન નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે આ વર્ષે પણ ૨૦ હજાર ૮૦૦ જેટલા રોપાઓની વાવણી કરવામાં આવશે. ગત વર્ષે ૧૬ હજાર જેટલા રોપાઓની વાવણી કરવામાં આવી હતી. જયારે ગત વર્ષ કરતા આ વર્ષે ૪ હજાર જેટલા રોપાઓની વધુ વાવણી કરવામાં આવશે. નગરના મુખ્ય માર્ગો પર કલરકોડ મુજબ રોપાઓની વાવણી કરવાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. વરસાદી દિવસો દરમિયાન રોપાઓની વાવણી કરવા માટે વનતંત્ર સજ્જ છે.જયારે વન આરક્ષિત જગ્યાને રક્ષણ પુરુ પાડવા માટે નવી ફેન્સીંગનુ પણ કામ શરૂ કરી દેવામાં આવશે. નગરના મુખ્ય માર્ગો પર વરસાદી દિવસોમાં અવનવા ફુલો નિખરે તે મુજબ આયોજન કરવામાં આવશે. ચોમાસા પુર્વે વનતંત્ર દ્વારા વૃક્ષોના ટ્રીમીંગ તેમજ ભયજનક અને સુકાવૃક્ષોનો પણ તબક્કાવાર નિકાલ કરવામાં આવ્યો છે.



ધુળીયું વાતાવરણ - છેલ્લા બે દિવસથી બપોર બાદ શહેરમાં તેજ ગતિથી પવન ફુંકાતા ધૂળ ચારેકોર ઉડતી નજરે પડે છે... જેના પગલે સાંજે સમગ્ર વાતાવરણ ધુળીયું બની જાય છે... અગાઉ પણ ગાંધીનગરની ઓળખ આંધીનગર તરીકે જ હતી, પરંતુ વિકાસની સાથો સાથ આંધીનગરની ઓળખ ભૂંસાતી ગઈ... પરંતુ હજુ ચોમાસાના પ્રારંભિક દિવસોમાં ધુળીયું વાતાવરણ અનુભવાય છે...

# ઓછુ પરિણામ ધરાવતી શાળાઓને એકશન પ્લાન તૈયાર કરવા સુચના

**ધો -૧૦ અને ૧૨ માં ૫૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળાઓએ પરિણામ સુધારણા માટે પ્લાન તૈયાર કરી જિલ્લા શિક્ષણતંત્રને સુપ્રત કરવાનો રહેશે**

ગાંધીનગર તા ૧૫

ધોરણ -૧૦ અને ૧૨ માં ૫૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળાઓએ પરિણામની ટકાવારી સુધારવા માટે એકશન પ્લાન રજુ કરવો પડશે. જયારે એકશન પ્લાન અન્વયે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા જરૂરી સુધારા વધારા પણ કરવામાં આવશે. બોર્ડના પરિણામના અંતે જિલ્લામાં ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યામાં ઘટાડો થયો છે. ત્યારે હવે ૫૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી

● અનુસંધાન પાન-૭ પર

# ધોરણ-૯ના પ્રવેશમાં નબળા પ્રતિસાદ સાથે પ્રવેશોત્સવ સંપન્ન

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં આજે બે દિવસીય શાળા પ્રવેશોત્સવ સંપન્ન થયો છે. આ બે દિવસ દરમ્યાન ધો. ૧માં ૧૦,૬૫૦ બાળકોએ ધો. ૯માં ૧૨,૬૭૭ બાળકોએ અને આંગણવાડી કેન્દ્રોમાં ૪૬૭૩ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે.

આજે પ્રવેશોત્સવના બીજા દિવસે ૬ બાળાઓને કન્યા કેળવણી અંતર્ગત વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા છે.

જિલ્લામાં ૮૨ દિવ્યાંગ બાળકોએ પણ પ્રવેશોત્સવ દરમ્યાન પ્રવેશ મેળવ્યો છે. જેમાં ૬૨ કુમાર અને ૨૦ કન્યાનો સમાવેશ થાય છે. આ પ્રવેશોત્સવ દરમ્યાન ૬૯ શાળાઓમાં ટ્રાન્સપોર્ટેશનની સુવિધા તંત્ર દ્વારા ઉપલબ્ધ કરાવી તેનું લોકાર્પણ કરાયુ છે.

જિલ્લામાં યોજાયેલા આ ૧૧મા પ્રવેશોત્સવ દરમ્યાન ૬૧,૯૧,૯૫૪નું દાન કન્યા કેળવણીમાં મળ્યુ છે. જેમાં ૬,૨૪,૭૨૪નું રોકડ દાન તેમજ

**ધો. ૧માં ૧૨૦૬૫ની સામે ૧૦,૬૫૦ બાળકોએ પ્રવેશ મેળવ્યો : ૮૨ દિવ્યાંગોએ પણ પ્રવેશ મેળવ્યો**

૫૫,૬૭,૨૩૦નું દાન વસ્તુ સ્વરૂપે મળ્યું છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ધો. ૯માં પ્રવેશપાત્ર બાળકોએ તુલનામાં ઘણો ઓછો પ્રવેશ મેળવ્યો છે. બાળકો ગ્રામીણ વિસ્તારની શાળાઓ છોડી કેટલાક શહેરી વિસ્તાર તરફ વળ્યા હોવાની વાતો થતી હતી તો કેટલાકે અભ્યાસ જ છોડી દીધો હોવાની વાતો સાંભળવા મળી હતી.

માધ્યમિક શિક્ષણમાં પ્રવેશોત્સવ પર વધુ ફોકસ કરવામાં આવ્યુ હોવા છતાં નબળો પ્રતિસાદ તંત્ર માટે આગામી દિવસો માટે ચિંતાજનક બન્યો છે. શહેરી વિસ્તારનો પ્રવેશોત્સવ સંપન્ન થયા બાદ જ આ અંગેનું ચિત્ર સ્પષ્ટ થશે તેમ તંત્રના સૂત્રોનું માનવું છે.

જિલ્લામાં ૯૮ ટકા જેટલુ ધો. ૧માં નામાંકન કરાવવામાં તંત્ર સફળ રહ્યુ છે. જો કે ગ્રામીણ વિસ્તારમાં પ્રવેશ પાત્ર બાળકોની સંખ્યા તંત્રએ ૧૨૦૬૫ ગણી હતી પરંતુ બે દિવસના અંતે ૧૦,૬૫૦ બાળકોએ જ પ્રવેશ મેળવ્યો છે.

જિલ્લામાં આ બે દિવસના શાળા પ્રવેશોત્સવ દરમ્યાન ૮ રાજ્યકક્ષાના અધિકારી, ૪ થી વધુ પદાધિકારી અને ૫૭ જિલ્લાના અધિકારીઓ જોડાયા હતા.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૦૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com